# રાજકીય તત્ત્વજ્ઞાન અને જાહેરજીવનમાં એની ભૂમિકા

## રાજકીય તત્ત્વજ્ઞાન એટલે શું?

રજ: હવે આપણે રાજકીય તત્ત્વચિંતક તરીકેના તમારા કામ વિશે અને જાહેર જીવન સાથે એના સંબંધ વિશે વાત કરીએ. જાહેરજીવનમાં રાજકીય તત્ત્વજ્ઞાનની કામગિરી વિશે તમે શું માનો છો?

ભીપા: 'કામગિરી' શબ્દ મને બહુ યોગ્ય નથી લાગતો. એમાં એવો ભાવ નિહિત છે કે રાજકીય તત્ત્વજ્ઞાને કોઈક જાહેર નિયત કાર્ય કરવાનું છે અને એ ન કરે તો એ બિનપાયાદાર છે અથવા એમાં કોઈક અધૂરપ છે, હું એની જાહેર જીવન સાથે પ્રસ્તુતતા અથવા અર્થપૂર્ણતા વિશે વાત કરવાનું પસંદ કરું છું. એમાં પણ આપણે કાળજી રાખવી પડશે. રાજકીય તત્ત્વજ્ઞાનમાં અનેક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે અને એ પૈકી કેટલીક પ્રવૃત્તિઓને જાહેર જીવન સાથે નહીવત અથવા ઓછો સંબંધ છે, દાખલા તરીકે કોઈક રાજકીય તત્ત્વચિંતકનાં લખાણોનું સમીક્ષાત્મક અવલોકન કરવું અથવા તો કોઈક વિભાવનાનું તાત્ત્વિક વિશ્લેષણ કરવું. જ્યારે રાજકીય તત્ત્વજ્ઞાન રાજકીય જીવન વિશે કંઇક કહે છે ત્યારે એ લોકોને જાહેર જીવનમાં અમુક પરિસ્થિતિઓ સાથે કામ કેમ પાડવું અથવા તો અમુક સંદર્ભોમાં કેવી નીતિઓને અનુસરવી એ નથી કહેતો. એ કરવા માટે પરિસ્થિતિની વિગતવાર માહિતી જરૂરી છે, રાજકીય વિવેક વિચાર અથવા રાજકીય નિર્ણયશક્તિ રાજકીય તત્ત્વચિંતક હોવા માત્રથી આવી નથી જતી.

રજ: તમારા મત પ્રમાણે રાજકીય તત્ત્વજ્ઞાન શું છે?

ભીપાઃ હું સમજુ છું એ પ્રમાણે એ રાજકીય જીવનનું તાત્ત્વિક નિરીક્ષણ છે. રાજકીય જીવન એની તપાસનો વિષય છે અને એ રીતે એ સૈદ્ધાંતિક અને સામાજિક તત્ત્વજ્ઞાનથી અથવા બૌદ્ધિક તત્ત્વજ્ઞાનથી અલગ છે. એ ઉપરાંત એ રાજકીય જીવનને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ તપાસે છે અને એમ કરવાથી એ રાજ્યશાસ્ત્રથી અથવા ઈતિહાસથી પણ જૂદું પડે છે. તત્ત્વજ્ઞાન તરીકે એ ત્રિપરિમાણીય છે. એ વિશ્લેષણાત્મક એ રીતે છે કે એ રાજકીય જીવનના પાયામાં રહેલી વિભાવનાઓનું વિશ્લેષણ કરે છે, એની વ્યાખ્યા કરે છે, એમની વચ્ચે તફાવતો બતાવે છે અને એમને સાંકળે છે તેમજ એક સુસંબદ્ધ વિભાવનાત્મક માળખું રજૂ કરે છે. એ સમીક્ષાત્મક એ રીતે છે કે એ રાજકીય જીવનની રૂઢિગત સમજ અને વ્યવહારોને, રાજકીય વિવરણના પ્રબળ વૈચારિક બંધારણને, મતભેદોના પ્રકાર અને ભૂમિકાને, અને મતભેદોનો ઉકેલ લાવવા માટે અથવા મતભેદો ઓછા કરવા માટે એનું સમીક્ષાત્મક અવલોકન કરે છે. અંતે રાજકીય તત્ત્વજ્ઞાન આદર્શમૂલક છે, અને એના કેન્દ્રમાં નૈતિકતા દૃઢ થયેલી છે. એ માનવજીવનના આદર્શ ચિત્રનું નિરૂપણ કરે છે અને એમાં રાજકીય જીવનને સ્થાપે છે, સુખી સમાજનાં લક્ષણ અને એનાં તત્ત્વોને તપાસે છે તેમજ વ્યક્તિગત અને સામૂહિક વર્તણુકના માપદંડોના સામાન્ય સિદ્ધાંતો પૂરા પાડીને રાજકીય સંસ્થાઓને મૂલવે છે.

આ ત્રણે પરિમાણો એકમેક સાથે ગાઢપણે સંકળાયેલાં છે અને સરખાં મહત્વનાં છે. બ્રિટનના યુધ્ધોત્તર રાજકીય તત્ત્વવિચારની જેમ જો એ માત્ર વિશ્લેષણાત્મક બની જાય તો એ અત્યંત ઔપચારિક અને આડંબરયુક્ત બને એટલું જ નહીં પણ એનું વિશ્લેષણ નક્કર મુદ્દાઓ અને તર્કબદ્ધ માર્ગદર્શક સિદ્ધાંતો વિનાનું બની જાય. તો બીજી તરફ જો એ માત્ર નૈતિક જીવનનું કલ્પન રજૂ કરે તો એ ઉપદેશાત્મક બને, એમાં સુદૃઢતા અને વિભાવનાત્મક ચોકસાઈ ન રહે અને એ વ્યકતિગત કાર્યનીતિના જાહેરનામા જેવું બની જાય જેના પરિણામે સામાન્ય લોકો એને ગંભીરતાથી ન લે એવું બને.

આ રીતે રાજકીય તત્ત્વજ્ઞાનને સમજવાથી એ રાજકીય દૃષ્ટિએ અર્થપૂર્ણ બને છે. રાજકીય જીવન વિશેની સાંપ્રત સમજનાં સારાં નરસાં પાસાંનું એ સ્પષ્ટ વિવરણ કરે છે, વિભાવનાત્મક ગૂંચવણને એ છતી કરે છે, લોકોએ પૂછેલા પ્રશ્નો સામે પ્રતિપ્રશ્ન કરીને એ સ્પષ્ટતા ઉભી કરે છે, એના જવાબોની સુસંગતતા ચકાસે છે, ગેરસમજો અને મતભેદોનાં મૂળ શોધે છે, ઉગ્રતાથી થયેલા દાવાઓની અસંગતતાને પડકારે છે, સામૂહિક જીવનની અપરિહાર્ય મર્યાદાઓ વિશે લોકોને ચેતવે છે, નાગરિકતાના સૈદ્ધાંતિક પાસા વિશે લોકોને જાગૃત કરે છે અને સરકારની કાર્યનીતિ માટે લોકોની જવાબદારીનું એમને ભાન કરાવે છે, વગેરે. પણ સૌથી વધુ તો એ પરાપૂર્વના સ્વીકૃત સિદ્ધાંતોમાંથી રાજકીય કલ્પનોને મુક્ત કરીને નવી શક્યતાઓનું વિશ્વ ખડું કરે છે અને તાજગીપૂર્ણ નવીન જીવનપદ્ધતિ માટેની એષણા તરફ લોકોને ઈશારો કરે છે. આ અને અન્ય રીતે એ લોકોની પોતાના વિશેની અને એમના વિશ્વ વિશેની વિચારપ્રક્રિયાને અને એના દ્વારા એમની સમક્ષના વિકલ્પોની એમની પસંદગી અને એમનાં કાર્યોને આકાર આપે છે. હું કહીશ કે પ્લેટોથી માંડીને બધા જ રાજકીય તત્ત્વચિંતકોએ આ જ કર્યું છે. એમણે સક્રિયપણે રાજકીય જીવનમાં ભાગ લઈને નહીં, પણ પ્રજાના વૈચારિક માળખાને આકાર આપીને પ્રજાકીય જીવન પર અસર કરી.

## સુખી જીવનનું કલ્પન

રજ: શું એ વાત સાચી નથી કે પરંપરાગત રીતે રાજકીય તત્ત્વચિંતકો સમસામયિક ઘટનાઓથી દૂર રહ્યા છે અને એમનો અભિગમ બહુધા રૂઢિવાદી રહ્યો છે?

ભીપા: હા, એ લોકો દૂર ઉભા રહ્યા ખરા, પણ એમણે દુર્લક્ષ નથી સેવ્યું. એમની આસપાસ જે ચાલી રહ્યું હતું એનાથી તેઓ ચિંતિત હતા અને એમાંથી એમણે એમના વિચારો લીધા. તેઓ એનાથી અલિપ્ત

રહ્યા, એ ઘટનાઓથી એમણે બૌદ્ધિક અંતર રાખ્યું જેથી ઘટનાઓને એ સ્પષ્ટ અને સંતુલિત દૃષ્ટિએ જોઈ શકે. હું નથી માનતો કે બધાજ રાજકીય તત્ત્વચિંતકો રૂઢિવાદી હતા. પ્લેટો, લોક, રૂસો, મિલ અને માર્ક્સ ઉદ્દામવાદી હતા. એરિસ્ટૉટલ, સિસેરો, તોકવિલ, મોન્ટેસ્ક્યુ, બેન્થમ, કાન્ટ, અને હેગલ સુધારાવાદી હતા. વળી કેટલાક કહેવાતા રૂઢિવાદી રાજકીય તત્ત્વચિંતકોને ખોટી રીતે એ સંજ્ઞા અપાઈ છે. કોઈ સમાજમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું હોય અને જે રૂઢિવાદીઓ એ પરિવર્તનને રોકવાની અને જૂના સમાજને ફરીથી સ્થાપવાની હિમાયત કરે એ મૂળમાં તો ઉદ્દામવાદી હોય છે.

રજ: રાજકીય તત્ત્વજ્ઞાનનો મુખ્ય આશય વ્યક્તિએ શું વિચારવું એ છે કે પછી શું કરવું એ સમજાવવાનો છે?

ભીપા: બંને. રાજકારણમાં અને જીવનમાં પણ, વિચારવું અને કરવું, વિચાર અને કર્મ અલગ નથી. જ્યારે આપણે લોકોની વિચારપદ્ધતિ બદલીએ છીએ ત્યારે આપણે એમની કાર્યપદ્ધતિ પણ બદલી રહ્યા હોઈએ છીએ. બીજી તરફ, એરિસ્ટૉટલ એના 'એથિક્સ'માં કહે છે એમ જ્યારે આપણે લોકોની વર્તણુક બદલીએ છીએ ત્યારે આપણે એમની જીવાતી વાસ્તવિકતાને બદલીએ છીએ અને સૂક્ષ્મ રીતે લોકોના પોતાના વિશેના અને જગત વિશેના વિચારોને પણ બદલીએ છીએ. હેગલની જેમ જગતના બુદ્ધિગમ્ય હાર્દનું દર્શન કરાવીને તત્ત્વચિંતક જ્યારે જગત જેવું છે એવું સ્વીકારવાની હિમાયત કરે છે ત્યારે એ આપણા કર્મોને એ રીતે આકારિત કરે છે જેથી આપણે જગતથી અળગાં ન થઈ જઈએ અથવા એને બદલવાનો પ્રયત્ન ન કરીએ. અકર્મ એ પણ કર્મનું એક સ્વરૂપ છે.

રજ: મને લાગે છે કે રાજકીય તત્ત્વજ્ઞાન 'વ્યક્તિનો સમાજ સાથેનો સંબંધ કેવો હોવો જોઈએ' એ પ્રશ્નથી શરૂ થાય છે, અને એ અર્થમાં એ વિષય સામાજિક સંદર્ભ સાથે નૈતિકતાને સાંકળે છે, એમ કરવાથી એ સામાજિક સંસ્થાઓને મૂલવવા માટેના માપદંડો સ્થાપિત કરી આપે છે. અને એ રીતે સુવ્યવસ્થિત સમાજ જીવનનું

કલ્પન રજૂ કરવાથી રાજકીય તત્ત્વજ્ઞાન રાજ્યશાસ્ત્રથી જૂદું પડે છે. શું આપણે એમ કહી શકીએ કે રાજકીય તત્ત્વજ્ઞાન એ સામાજિક સંદર્ભવાળું સૈદ્ધાંતિક તત્ત્વજ્ઞાન છે? એની સાથે તમે સંમત થશો?

ભીપાઃ હા, પરંતુ કેટલાક ફેરફારો સાથે. રાજકીય તત્ત્વજ્ઞાનને આદર્શમૂલક પરિમાણ છે, અને એનાં અન્ય પરિમાણો સહીત એ પ્રવર્તમાન સંસ્થાઓને મૂલવવા માટેનાં ધોરણ પૂરાં પાડે છે. એ જે કલ્પનનું સમર્થન કરે છે એ તત્ત્વચિંતકની અંગત પસંદગીનું નહીં પણ એનો આધાર તત્ત્વચિંતકની માનવજીવનની અપરિહાર્ય મર્યાદાઓ વિશેની અને એ મર્યાદાઓ પાછળનાં કારણો વિશેની સમજણ પર છે.

આદર્શમૂલકતા એ રાજકીય તત્ત્વજ્ઞાન અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો એકમાત્ર અને સૌથી મહત્વનો ભેદ નથી, કારણકે રાજ્યશાસ્ત્ર પોતે સંપૂર્ણપણે આદર્શો અને મૂલ્યોથી અલિપ્ત નથી. રાજકીય તત્ત્વજ્ઞાન ધોરણો અને મૂલ્યોના પાયા વિશે તપાસ કરે છે અને એનાં કારણો શોધવાનો પ્રયત્ન કરે છે, જ્યારે રાજ્યશાસ્ત્ર મુખ્યત્વે એ મૂલ્યોને ગૃહીત સમજીને ચાલે છે. રાજ્યશાસ્ત્ર અનુભવમૂલક છે, એ શક્ય હોય ત્યાં અસ્થાઈ કડીઓના આધારે સામાન્યીકરણ કરે છે અને એનો અભિગમ ભાવિસૂચક છે. જયારે રાજકીય તત્ત્વજ્ઞાન ચિંતનાત્મક છે, એને રાજકીય જીવનના અર્થ અને સૂચકતા સાથે સંબંધ છે, માનવજીવનનાં બીજાં પાસાંઓ સાથે એને સંબંધ છે, વગેરે, અને એ રાજ્યશાસ્ત્રથી જૂદા પ્રકારના મુદ્દાઓની ચર્ચા કરે છે. સ્પષ્ટ છે કે એવું કરવા માટે એને રાજકીય જીવન વિશે પૂરતી માહિતી હોવી જરૂરી છે, અને એ માહિતી મેળવવા માટે તથા અન્ય બાબતો માટે એ રાજ્યશાસ્ત્ર ઉપર આધાર રાખે છે. જ્યારે રાજ્યશાસ્ત્રને માણસજાત વિશેની સમજણ હોવી જરૂરી છે, એની લાયકાતો, એની વિચારપદ્ધતિ વગેરે અને એમ રાજકીય તત્ત્વવિચારની પૂર્વધારણા પર એ આગળ વધે છે. વિભાવનાત્મક યથાર્થતા એને અનિવાર્ય છે અને એ પણ એક તત્ત્વચિંતનલક્ષી પ્રવૃત્તિ છે.